અપીલ અરજી નં.૩૫૪ તા.૧૭–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઈ.ચા. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૯–૧–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧)અમો અરજદારની તા.૧૮–૫–૧૦ ની આરટીઆઈ એકટ–ર૦૦૫ ની અરજી આઈડી નં.ર૧૯ માં આપશ્રીએ તા.૧૪–૬–૧૦ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૪૫૮ માં સ્પષ્ટરીતે શીડયુલ કાસ્ટની ૯૩ જગ્યાના ડ્રાઈવરોની જાહેરાતમાં નકારવામાં આવેલ જણાવેલ છે અને અરજદારને આપશ્રીએ શીડયુલ કાસ્ટ આજ માહિતીની નકલ કુલ ૯રર ડ્રાઈવરોના લીસ્ટમાં અનુક્રમ નંબર ૮,૯,૧૫,૧૭,૩૬,૩૭, ૩૯,૪૩,૬ર,૬૪, ૬૫,૬૮,૮૦,૮૮,૮૯, કુલ ૧૫ શીડયુલ કાસ્ટ જણાવેલ છે આ ડ્રાઈવરોને જનરલ કેટેગરીમાં ન જણાવવા અંગેની માહિતી અને શીડયુલ કાસ્ટમાં જણાવવા અંગેની સ્પષ્ટ માહિતી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૭–ર–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૪/ર૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૯–૧–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારની તા.૧૮–૫–૧૦ ની આરટીઆઈ એકટ–ર૦૦૫ ની અરજી આઈડી નં.ર૧૯ માં આપશ્રીએ તા.૧૪–૬–૧૦ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૫૮ માં સ્પષ્ટરીતે શીડયુલ કાસ્ટની ૯૩ જગ્યાના ડ્રાઈવરોની જાહેરાતમાં નકારવામાં આવેલ જણાવેલ છે અને અરજદારને આપશ્રીએ શીડયુલ કાસ્ટ આજ માહિતીની નકલ કુલ ૯રર ડ્રાઈવરોના લીસ્ટમાં અનુક્રમ નંબર ૮,૯,૧૫,૧૭,૩૬,૩૭,૩૯,૪૩, ૬ર,૬૪,૬૫,૬૮,૮૦,૮૮,૮૯, કુલ ૧૫ શીડયુલ કાસ્ટ જણાવેલ છે આ ડ્રાઈવરોને જનરલ કેટેગરીમાંન જણાવવા અંગેની માહિતી અને શીડયુલ કાસ્ટમાં જણાવવા અંગેની સ્પષ્ટ માહિતી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસ ટી/આર/૧૪૬૪ તા.૭–ર–૧૧ થી આપેલ માહિતી બોગસ અને અયોગ્ય હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–ર–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪૫ તા.ર૮–ર–૧૧ થી ઈ.ચા. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને અપીલ અરજીમાં મળેલ માહિતી બોગસ અને અયોગ્ય હોવાના દાવા અંગે આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૫૬૫ તા.૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૩૫ તા.૩૧–૧–૧૧ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૬૪ તા.૭–ર–૧૧ ના પત્રની નકલ, ડ્રાઈવર અંગે આપેલ જાહેરાતની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૪–૩–૧૧ થી રજૂઆત સાથે ડ્રાઈવરની જગ્યા માટે પ્રેકટીકલ કેસમાં હાજર રહેલા ઉમેદવારોએ મેળવેલ માર્કસની યાદી, અરજદારને તા.૧૫–૧ર–૧૦ ની અરજી અંગે તા.૬–૧–૧૧ ના પ્રત્યુત્તરની નકલ, રસીદ નં.૧૭ર૧૭૫ તા.૧૦–૧–૧૧ ના રોજ ભરપાઈ કર્યા અંગેની રસીદની નકલ, તા.ર૮–ર–૧૧ ના રોજ પાઠવેલ માહિતી અંગેના પત્રની નકલ તા.૧ર–૧–૧૧ ના રોજ કરેલ યુપીસીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.ર૯–૧–૧૧ ની અરજીથી ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાના ઈન્ટરવ્યુ બાદ ૧૦ર ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી રજૂ કરેલ અને કુલ ર૧૮ ડ્રાઈવરોની હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણુંક બાબતેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૩૫ તા.૩૧–૧–૧૧ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૬૪ તા.૭–ર–૧૧ ના રોજ માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ ફકત લેખિતમાં પુરાવા નકલ વગરના અસ્પષ્ટ, અયોગ્ય અને બોગસ માહિતી આપેલ છે તેવું જણાવી તા.૧૭–ર–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની મુદ્દા નં.(૧) અમો અરજદારની તા.૧૮–૫–૧૦ ની આરટીઆઈ એકટ–ર૦૦૫ ની અરજી આઈડી નં.ર૧૯ માં આપશ્રીએ

તા.૧૪–૬–૧૦ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૫૮ માં સ્પષ્ટરીતે શીડયુલ કાસ્ટની ૯૩ ખાલી જગ્યાના ડ્રાઈવરોની જાહેરાતમાં નકારવામાં આવેલ જણાવેલ છે અને અરજદારને આપશ્રીએ શીડયુલ કાસ્ટ આજ માહિતીની નકલ કુલ ૯૨૨ ડ્રાઈવરોના લીસ્ટમાં અનુક્રમ નંબર ૮,૯,૧૫,૧૭,૩૬,૩૭,૩૯,૪૩, ૬૨,૬૪,૬૫,૬૮,૮૦,૮૮,૮૯, કુલ ૧૫ શીડયુલ કાસ્ટ જણાવેલ છે આ ડ્રાઈવરોને જનરલ કેટેગરીમાંન જણાવવા અંગેની માહિતી અને શીડયુલ કાસ્ટમાં જણાવવા અંગેની સ્પષ્ટ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે ડ્રાઈવરની જગ્યાની જાહેરાતમાં શી.કા.ની જગ્યાની જાહેરાત આપવામાં આવેલ નથી પરંતુ જનરલ કેટેગરીમાં કોઈ પણ જાતિના નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકે અને પસંદગી પામેથી તેઓના નામ પ્રતિક્ષાયાદીમાં સમાવવાના રહે છે. સદર બાબતે તમોને અગાઉ પણ માહિતી આપવામાં આવેલ હતી તેમજ રૂબરૂ મુલાકાત દરમ્યાન પણ તમને માહિતીગાર કરવામાં આવેલ હતાં. જે વિદિત થાય તેવું જણાવેલ છે. (૨) ૧૦૨ ડ્રાઈવરોની જગ્યાએ ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક અંગેની પ્રતિક્ષાયાદીની સમય મર્યાદા આપશ્રીએ તા.૨૯–૧૦–૧૦ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૧૧ માં બે વર્ષ જણાવેલ. જે બીપીએમસી એકટમાં પ્રતિક્ષાયાદી એક જ વર્ષ હોય છે જે અંગેની સ્પષ્ટ આરટીઆઈ એકટના રીક્રુટમેન્ટ વેઈટીંગ અનુસારની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ નિતિ નિયમ આધારીત પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ નકકી કરવામાં આવેલ છે જે વિદિત થાય તેવું જણાવેલ છે. (૩) ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યામાં ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક ઓકટો. ૨૦૧૦ માં આપવામાં આવેલ છે તો પછી ૨૧૮ ડ્રાઈવરોની જ તા.૧૯–૩–૦૭ ની જાહેરાત નં.૫૯૭ માં ખાલી જગ્યાની જાહેરાત ન આપવા અંગેની માહિતીની સ્પષ્ટ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે વર્તમાન ખાલી જગ્યા તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યા વિગેરે બાબતો ધ્યાને લઈને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવે છે જે વિદિત થાય તેવું જણાવવામાં આવે છે. (૪) અરજદારે જુદી જુદી કેટેગરીની યાદીના ક્રમાંક નંબર જણાવી અનુભવના સર્ટીફીકેટો અને હેવી લાયસન્સ ખોટા હોવાની રજૂઆત અંગેના ક્રમાંક નંબરો જણાવેલ છે. જનરલ કેટેગરીમાં ક્રમાંક નંબર ૩,૧૪,૧૮, ૨૪,૩૪, ૪૦, ૫૯, ૭૮,૯૨,૯૮ અને ૧૦૦ જયારે ઈબીસી કેટેગરીમાં ક્રમાંક નં.૧, ૨,૩,૪,૮, ૧૦ , ૪૮,૫૬,૬૨,૬૫, ૬૬,૭૫, ૮૦,૮૮,૯૦ જયારે શીડયુલ ટ્રાયબમાં ક્રમાંક નં.૬,૧૧,૧૯ અને ૨૪ ની રજૂઆત કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જનરલ કેટેગરીના નં.૧૪,૧૮,૨૪,૯૮,૧૦૦ ના ઉમેદવારોએ તેઓની અરજી ફોર્મ સાથે સામેલ કરેલ અનુભવના સર્ટીફીકેટ મુજબની માહિતી આપવામાં આવેલ છે. જયારે નં.૨ ના ઉમેદવાર તેમના અરજી ફોર્મ સાથે સામેલ લાયસન્સમાં ટીવીએ તા.૧૬–૧૦–૯૨ ની છે નં.૩ ના ઉમેદવાર સુરત મહાનગરપાલિકાના કર્મચારી હોય વય મર્યાદા લાગુ પડે નહીં. નં.૩૪ ના ઉમેદવાર હેવી વ્હીકલ લાયસન્સ ધરાવે છે (જાહેરાત મુજબ) નં.૪૦ ના ઉમેદવારે અરજી સાથે સામેલ લાયસન્સમાં ટીવીએ –૧૪–૪–૯૮ છે. નં.૫૯ ના ઉમેદવારે અરજી ફોર્મ સાથે તા.૨૯–૩–૦૭ નું લાયસન્સ સામેલ કરેલ છે. અને ૭૮ ના ઉમેદવારે પણ હેવી લાયસન્સ સામેલ કરેલ છે. (જાહેરાત મુજબ) નં.૯૨ ના ઉમેદવારની જન્મ તારીખ ૧–૬–૭૨ છે અને જાહેરાતની તારીખે તેઓની ઉંમર ૩૪ વર્ષ ૯ માસ અને ૮ દિવસની થાય છે. જે વિદિત થાય. ઈબીસી કેટેગરીમાં નં.૧ ના ઉમેદવાર બાબતે સદર બાબતેની પ્રતિક્ષાયાદી જાતિ વાઈઝ તમોને આપવામાં આવેલ છે.નં.૨,૩,૪,૧૦,૫૬,૬૨,૬૫,૬૬,૭૫,૮૦,૯૦ ના ઉમેદવારોની તેઓની અરજી ફોર્મ સાથે સામેલ કરેલ અનુભવના સર્ટીફીકેટ મુજબની માહિતી આપવામાં આવેલ છે. નં.૮ ના ઉમેદવાર સુરત મહાનગરપાલિકાના કર્મચારી હોય તેમનો કર્મ નં.૧૯૯૯૫ છે. અને નં.૪૮ ના ઉમેદવાર પટેલ દિનેશકુમાર ઠાકોરભાઈ તરફથી અરજી સાથે સામેલ કરેલ પ્રમાણપત્ર મુજબ ઈબીસી જાતિના પ્રમાણપત્ર રજૂ કરેલ હોવાથી ઈબીસી જાતિની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. નં.૮૮ ના ઉમેદવાર ઈબીસી જાતિના ઉમેદવાર હોવાથી નિયમ મુજબ ૫ વર્ષની છુટછાટનો લાભ આપવામાં આવેલ છે. જે વિદિત થાય. શી.ટ્રા.. કેટેગરીના નં.૬,૧૧,૧૯,૨૫ ના ઉમેદવારની તેઓની અરજી ફોર્મ સાથે સામેલ કરેલ અનુભવ સર્ટીફીકેટ મુજબની માહિતી આપવામાં આવેલ છે. આ અગાઉ પણ સદરહુ માહિતી તમોએ આપવામાં આવેલ છે જ. વધુમાં ઉમેદવારો તરફથી રજૂ કરવામાં આવેલ ટીવીએ લાયસન્સની તારીખ પાછળથી દર્શાવવામાં આવેલ છે પરંતુ આ ઉમેદવારો તરફથી અરજી સાથે હેવી વ્હીકલ લાયસન્સ અગાઉની તારીખના રજૂ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૫) નિમણુંકમાં ડ્રાઈવરના અનુભવને ધ્યાને લેવામાં આવેલ નથી પરંતુ હેવી વ્હીકલ લાયસન્સ જેટલું જુનું હોય તેઓને અગ્રીમતા આપવામાં આવેલ છે. જે અંગે જુદી જુદી કેટેગરીના ક્રમાંક નંબરો જણાવી ડ્રાઈવર ઉમેદવારોની માહિતીની સ્પષ્ટતા માંગેલ છે. જેના જનરલ કેટેગરીના ક્રમાંક નંબર ૧,૨,૧૬,૧૭,૧૮,૨૦,૨૪, ૩૪ ,૩૭, ૩૮,૪૦,૪૧,૪૫,૪૬,૪૮,૫૨,૫૮, ૫૯,૬૨,૬૯, ૭૦,૭૪,૭૫, ૭૬,૭૭, ૭૮ ૮૦, ૮૨,૮૪,૮૬,૯૩,૯૫, ૯૮ , ૧૦૦, ઈબીસી કેટેગરીમાં –૨,૩,૪,૨૩,૩૨,૩૮,૩૯,૪૫,૪૬,૪૭,૪૯,૫૬, ૫૮, ૬૦, ૬૨,૬૫,૬૭,૬૮, ૬૯,૭૨, ૭૪, ૭૬, ૭૯,૮૦ અને ૯૦ ની તથા એસ.ટીમાં ૪,૬,૭,૮,૧૧,૧૪,૧૬,૧૯, વિગતો માંગેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે ડ્રાઈવરની જગ્યા માટેની બનાવવામાં આવેલ પ્રતિક્ષાયાદી માત્ર અને માત્ર હેવી વ્હીકલ લાયસન્સ જેટલું જુનું હોય તેઓને જ સમાવવામાં આવેલ છે. તે બાબત નથી પરંતુ ઉમેદવારે આઈ ટેસ્ટ, બીએમ આઈ ટેસ્ટ, પ્રેકટીકલ ટેસ્ટ, પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવ, લાયસન્સ વિગેરે તમામ બાબતોને ધ્યાને લઈને યાદી તૈયાર કરવામાં આવેલ હોઈ જે વિદિત થાય. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે ફકત લેખિતમાં પુરાવા નકલ વગર અસ્પષ્ટ અયોગ્ય અને બોગસ માહિતી આપેલ છે તેવું જણાવી તા.૧૭–૨–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદૃા નં.૧ અરજદારે રૂા.૩૦ શી.કા. ના ૧૫ સર્ટીફીકેટ માટે ફી ભરેલ પરંતુ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની આરટીઆઈ એકટ

હેઠળની અરજી બાબતની છે. જયારે અપીલ ૨૯–૧–૧૧ ની અરજી બાબતની છે તેથી અપીલોનું કારણ ઉત્પન થાય નહીં. તેમ છતાં અરજદારે સદર અરજીની તા.૪–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોમા પણ તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૯૦ તા.૧૨–૧–૧૧ થી તા.૧૩–૧–૧૧ ના રોજ યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ રજૂ કરેલ છે. તેથી તે બાબતે વિવાદને કોઈ સ્થાન નથી. અરજદારે શી.કા. ના સર્ટીફીકેટ રજૂ કર્યા પછી બિન અનામત કેટેગરીમાં તેઓનો સમાવેશ કરી શકાય નહીં તેવી રજૂઆત કરેલ છે. જે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી રજૂઆત કરેલ છે અને જે અંગેના કોઈ આધાર રજૂ કરેલ નથી. વધુમાં આ બાબત તકરાર નિવારણની અને સૂચન પ્રકારની છે. અપીલના મુદ્દા નં.૨ બાબતે વેઈટીંગ લીસ્ટનો પ્રત્યુત્તર આપેલ નથી જે અંગે જાહેર માહિતી અધિકારીએ સુરત મહાનગરપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ નિતિ નિયમો આધારીત પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષની નકકી કરવામાં આવેલ તેવું જણાવવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૩ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાનો વિચાર કરવાનો હતો તો ૯૩ ખાલી જગ્યાની જાહેરાતની જગ્યાએ ૨૧૮ ડ્રાઈવરોની જાહેરાત આપવી જોઈતી હતી જેથી ગેરરિતિ , ભ્રષ્ટાચાર અને આર્થિક કૌંભાડ આચરેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે મુદ્દા નં.૩ ના જવાબમાં જણાવેલ છે.તે પણ સૂચન સ્વરૂપે અપીલના મુદ્દા નં.૪ માં અરજદારે લેખિતમાં પુરાવા વગર આપેલ માહિતીને માન્યતા આપી શકાય નહીં તેમજ ૫ વર્ષની છુટછાટ અંગેના પરિપત્ર અને જાહેરાતની નકલ પુરાવા તરીકે રજૂ કરેલ ન હોઈ માન્યતા આપી શકાય નહી તેવી રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી નકલોની માંગણી કરેલ છે. અપીલના મુદ્દા નં.૫ જાહેર માહિતી અધિકારીએ અનુભવ ધ્યાનમાં લેવામાં આવેલ નથી હેવી વ્હીકલ સાયસન્સ જુનું હોય તેને અગ્રીમતા આપવામાં આવેલ છે પરંતુ અરજદારે જણાવેલ ડ્રાઈવરોની સ્પષ્ટતા કરેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતીમાં જે મુજબનો સ્પષ્ટ ઉલ્લેખ જાહેરાતમાં કરવામાં આવેલ છે તથા અરજદારને મુલાકાત દરમ્યાન ધ્યાન દોરવામાં આવેલ છે. તેમજ ઉમેદવારને આપવામાં આવેલ માર્કસ માટે અનુભવ ધ્યાને લેવામા આવલે નથી પરંતુ હેવી લાયસન્સ જેટલું જુંનુ હોય તેને અગ્રીમતા આપવામાં આવેલ છે. અને તેની માર્કીગ સીસ્ટમ પણ અરજીઓ દરમ્યાન રીક્રુટમેન્ટ કચેરીએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ તે અંગેની યાદીનું લીસ્ટ પણ પુરું પડાયેલ હોઈ તેમાં પણ ચકાસણી થઈ શકે છે. તેમ છતાં સદર બાબતે જાહેરમાહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગત ફાઈલ સાથે જણાવેલ ક્રમાંકોનું ઈન્સ્પેકશન કરી ખરાઈ કરી શકે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અપીલના મુદ્દા નં.૫ બાબતે માર્કીગ સીસ્ટમ પરની અરજીઓ દરમ્યાન રીક્રૂટમેન્ટ કચેરીએ આપેલી માહિતીમાં અરજીમાં જણાવેલ ક્રમાંક બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી લાગત ફાઈલમાં ક્રમાંકોનું ઈન્સ્પેકશન કરી ખરાઈ કરી શકે છે અને ઈચ્છે તે નકલો પણ મેળવી શકે છે. આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ હુકમ મુજબ અમલવારી કરવા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)ને જણાવવામાં આવે છે. અપીલના મુદ્દા નં.૧ થી શી.કા. નો બિન અનામતમાં સમાવેશ થાય નહીં તથા ઉમરમાં ૫ વર્ષના છુટછાટના પરિપત્રની નકલ તથા જાહેરાતની નકલ વિગેરે બાબતે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈના નિયમ અને જોગવાઈ અનુસાર અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર